અનુસૂચિત જાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ/આર્થિક પછાત વર્ગ/વિચરતિ વિમુકત જાતિ તથા લઘુમતિ જાતિના વ્યકિતઓ માટેની સ્વરોજગારી માટે નાણાકીય સહાય અંગેની માનવ ગરીમા યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૫/૨૧૮૨૪૨/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૪ /૫/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃઅજક/ ૧૦૨૦૧૧/૨૮૦/ગ

(૨) નિયામકશ્રી વિકસતિ જાતિ કલયાણ ખાતાનો તા.૫/૩/૨૦૧૫નો પત્રક્રમાંકઃવિજાક/જન/ મા.ગ./૧૪-૧૫/૪૮

ઠરાવઃ-

વંચાણે લીધા ક્રમ-૧માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૯/૨૦૧૧ના ઠરાવથી માનવ ગરીમા યોજનાની કામગીરી અનુસૂચિત જાતિ માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ/આર્થિક પછાત વર્ગના વ્યકિતઓ માટે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાને સોંપવાનું ઠરાવવામાં આવેલ છે. તેમાં જણાવવામાં આવેલ શરત નં.૧ અને ૫ માં સુધારો કરવા બાબતે નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ એ સંદર્ભ-૨માં દર્શાવેલ તા.૫/૩/૨૦૧૫ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧/૧૧/૨૦૧૧ના ઠરાવથી જુદા જુદા ધંધા/રોજગારની ટુલ કીટસની કિંમત નકકી કરવામાં આવેલ છે તે મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ઉકત ચારેય જાતિઓને માનવ ગરીમા યોજના હેઠળ આપવામાં આવતી ટુલ કિટસ/સાધનોની મહત્તમ કિંમત મર્યાદા તા.૧/૧૧/૨૦૧૧થી લાગુ પાડવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ ધ્વારા વખતો વખત જુદા જુદા ધંધા/રોજગારની ટુલકીટની મહત્તમ કિંમતની મર્યાદામાં ફેરચાર કરવામાં આવે તે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગની માનવ ગરીમા યોજના અન્વયે લાગુ પાડવાની રહેશે. આ માટે વિભાગે અલગથી મહત્તમ કિંમતની મર્યાદા નકકી કરવાની રહેશે નહિ.

——> પાછળ જુઓ.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસ ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા).
- તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત) જિલ્લા પંચાયત.
- વિભાગની 'ગ', 'અ.૧' શાખાઓ.
- સિલેકટ ફાઇલ શાખા/ના.સે.અધિ.શ્રી.